# એક માત્ર ભગવાનનો જ ભરોસો રાખવો એ અનન્ય ભક્તનું લક્ષણ છે

આચમન
બિપિન પટેલ

નિયમ પ્રમાણે હું તે દિવસે પણ ચાલવા માટે નીકળ્યો હતો. અચાનક મારી નજર એક રિક્ષા પર પડી જેના પાછળના ભાગમાં લખાયેલું હતું 'ભરોસો'. શબ્દ તો નાનકડો હતો કેવળ ત્રણ જ અક્ષરનો પણ તેમાં સમાયેલો હતો એક વિરાટ સંદેશ ' મૂકી તો જો એક વાર મારામાં વિશ્વાસ! તારાં બધાં કામ ન કરું તો કહેજે' ભગવાન શ્રીકૃષ્ણનો એવા જ ભાવનો ગીતાસંદેશ મારા હૈયામાં પડઘાવા લાગ્યો:'એક માત્ર મારા પર ભરોસો રાખીને તું મારે શરણે આવ. હું તને દરેક શોક, દરેક ભય, દરેક ચિંતાથી મુક્ત કરીશ. વિશ્વાસ રાખ.' ભગવાને તો વચન આપી જ દીધું છે. કિંતુ વિરાટ પ્રશ્ન એ છે કે શું આપણને ભગવાન અને ભગવાનનાં વચનોમાં વિશ્વાસ છે ખરો? આપણને ટ્રેનના ડ્રાઈવર પર વિશ્વાસ છે. પ્લેનના પાઈલટ પર વિશ્વાસ છે. એટલે જ તો ચિંતા કર્યા વિના આપણે રેલયાત્રા કે હવાઈયાત્રા કરીએ છીએ પરંતુ આપણને આપણી જીવનયાત્રાના સંચાલક ભગવાન પર જ ભરોસો નથી. એ તો મીરાં જ ગાઈ શકે કે 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ!' કે પછી નરસિંહ મહેતા ગાઈ શકે કે મારી હૂંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરધારી! મીરાંને તેના શ્યામ પર ભરોસો હતો.

નરસિંહ મહેતાને તેના શામળિયા પર ભરોસો હતો એટલે જ કહેવાયું છે કે એક માત્ર ભગવાન પર જ ભરોસો રાખવો એ અનન્ય ભક્તનું લક્ષણ છે. પરંતુ સંસારના ભોગ વિલાસમાં ડૂબેલા સંસારી જીવને નથી શ્યામ પર ભરોસો કે નથી રામ પર ભરોસો.

શ્રી રામચરિતમાનસના સુંદરકાંડનો એક પ્રેરક પ્રસંગ એ વાતની પુષ્ટિ કરે છે કે ભગવાન કોઈનો ભરોસો તોડતા નથી કે ભગવાન કોઈ સાથે વિશ્વાસઘાત કરતા નથી. રાવણ સીતાજીને ઉપાડી લાવ્યો. વિભીષણજીને તે ન ગમ્યું. તેમણે રાવણને સીતાજીને સાદર શ્રી રામને સોંપી દેવાની સલાહ આપી. રાવણે તેમને



લાત મારીને તેમનું અપમાન કર્યું. એ જ ક્ષણે તેમણે રાવણનો ત્યાગ કરીને શ્રીરામ તરફ પ્રસ્થાન કર્યું. તેમના હૈયામાં એક જ ધબકાર ધબકતો હતો, હવે તો બસ! એક માત્ર ભરોસો શ્રીરામનો! સોનાની લંકા અને લંકાના રાજવૈભવ તેમ જ પદપ્રતિષ્ઠાનો ત્યાગ કરીને નીકળી પડ્યા. તેઓ કેવળ રામભરોસે! ન હતી કોઈ ચિંતા કે ન હતો કોઈ ભય તેમના મનમાં! રામભરોસો તેમનો નક્કર હતો. તેમને જોઈને સુગ્રીવે શ્રીરામ સમક્ષ સંશય વ્યક્ત કર્યો કે આ તો શત્રુ પક્ષનો છે. તેના પર ભરોસો ન કરાય. ત્યારે ભગવાન શ્રીરામે કહ્યું, ''તમે કહો છો કે તેમના પર ભરોસો ન કરાય. કિંતુ તેમણે તો મારા પર ભરોસો રાખ્યો છે. આપણે માટે જેમ તેઓ શત્રુપક્ષના છે તેમ

> વિરાટ પ્રશ્ન એ છે કે શું આપણને ભગવાન અને ભગવાનનાં વચનોમાં વિશ્વાસ છે ખરો? આપણને ટ્રેનના ડ્રાઇવર પર વિશ્વાસ છે. પ્લેનના પાઈલટ પર વિશ્વાસ છે એટલે જ તો ચિંતા કર્યા વિના આપણે રેલયાત્રા કે હવાઇયાત્રા કરીએ છીએ પરંતુ આપણને આપણી જીવનયાત્રાના સંચાલક ભગવાન પર જ ભરોસો નથી

હું પણ તેમનો શત્રુ જ કહેવાઉં તેમ છતાં મારામાં દૃઢ ભરોસો રાખીને તેઓ મારે શરણે આવ્યા છે. તો હું તેમની સાથે વિશ્વાસઘાત શી રીતે કરી શકું? તમે તો જાણો છો કે બધા ભરોસા છોડીને જે કેવળ મારે શરણે આવે છે તેને અભય પ્રદાન કરવાની મારી પ્રતિજ્ઞા છે!'' કહેતા વિભીષણજીને આવકારીને સમુદ્રજળ વડે તેમનું રાજતિલક કરીને 'લંકેશ'નું સંબોધન કરીને શ્રીરામે તેમનો ભરોસો સાર્થક કર્યો.

અન્ય તમામ ભરોસાઓ છોડીને શ્રીરામ પર જ ભરોસો રાખીને જે શ્રીરામનું ભજન કરે છે તે આ ભવસાગર તરી જાય છે. તેમાં કોઈ સંશય નથી.

# છેલ્લો શ્વાસ સંતોષનો હોવો જોઈએ

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય


જેના જીવનમાં સંતોષ જેવું કંઈ નથી, એનું જીવન સાર્થક નથી. બેકાબૂ ભૂખ ઘણી ભૂંડી નિવડે છે. મુઠ્ઠીમાં સમાય એટલું જ તમારું છે બાકી બધું બીજાનું કે નકામું, પછી માણસને અને સંતોષને આટલું છેટું કેમ છે? એ સમજાતું નથી.

વિશ્વવિખ્યાત સાહસિક ફ્રાન્સીસ ડ્રેક એવો સાહસવીર હતો, કે એને જોઈ કોઈ કલ્પના ન કરી શકે કે, આ સામાન્ય દેખાતો છોકરો આગળ જતાં અસામાન્ય પરાક્રમો કરનાર નિવડશે પણ એ સમયમાં જ્યારે કોઈ સગવડો ન હતી, વાહનવ્યવહારની ઘણી અછત હતી ત્યારે આખા જગતની મુસાફરી કરીને એણે એક વિશ્વવિક્રમ સર્જ્યો હતો. એણે જીવનમાં ઘણી ચડતીપડતી જોયેલી, ઘણી અસફળતાનો સામનો કર્યો હતો, એને લોકો ગાંડો ગણતા અને ઘર બાળીને તીરથ કરી રહ્યો છે કરી મશ્કરી કરતા પણ એ બધાની પરવા કર્યા વિના એણે પોતાનું કર્મ ચાલુ રાખ્યું. એનું લક્ષ્ય એ જ એનું જીવન હતું અને ઘણી મુશ્કેલીઓ વચ્ચે પણ એ આખરે સફળ થયો.

એણે વિશ્વવિક્રમ સાધ્યો, ત્યારે લોકો અચંબામાં પડી ગયા, એને સરકાર તરફથી સરનો ખિતાબ મળ્યો અને એક મોટા ગામની જાગીર બક્ષિસમાં આપવામાં આવી. ત્યારે જે લોકો તેની મશ્કરી કરતા હતા, તે બધા એને મળવા દોડવા માંડ્યા.

આ માણસ જ્યારે મરણપથારી પર હતો ત્યારે એના ચહેરા પર સંપૂર્ણ સંતોષ હતો, એણે ત્યારે લોકોને કહ્યું હતું, કે ''મેં જે ધાર્યું હતું તે મેળવ્યું છે. મેં જે વચનો આપ્યાં હતાં તે પૂર્ણ કર્યાં છે અને મને એનો પૂર્ણ સંતોષ છે.''

ઘણા ઓછા લોકોને આખરી શ્વાસમાં આવો અનુભવ થતો હોય છે. છેલ્લા શ્વાસે જીવન સાર્થક રીતે જીવ્યાનો સંતોષ હોય તો જ તેનું મરણ ઉત્સવ બની રહે. આજે લોકો વચનો તો આપતા રહે છે પણ નિભાવે છે કેટલા? પોતાના જીવનને સત્કર્મ વડે સાર્થક બનાવે છે કેટલા? વિચારવા જેવી વાત છે.



> આજે લોકો વચનો તો આપતા રહે છે પણ નિભાવે છે કેટલા? પોતાના જીવનને સત્કર્મ વડે સાર્થક બનાવે છે કેટલા? વિચારવા જેવી વાત છે

## સપ્તાહનાં વ્રત-તહેવારો
તા.૩ ઓગસ્ટ થી તા.૯ ઓગસ્ટ ૨૦૨૬



**તા. ૩ સોમવાર**
અષાઢ વદ પાંચમ, પંચક

**તા. ૪ મંગળવાર**
અષાઢ વદ છઠ, પંચક સમાપ્ત રાતે ૯-૫૫

**તા. ૫ બુધવાર**
અષાઢ વદ સાતમ, કાલાષ્ટમી.

**તા. ૬ ગુરુવાર**
અષાઢ વદ આઠમ, જન્માષ્ટમીની વધાઇનો પ્રારંભ.

**તા. ૭ શુક્રવાર**
અષાઢ વદ નોમ

**તા. ૮ શનિવાર**
અષાઢ વદ દશમ

**તા. ૩ રવિવાર,**
અષાઢ વદ એકાદશી, કામિકા એકાદશી(ગૌ દૂધ), આદિવાસી દિન, અગસ્ત્ય દર્શન

## સુવિચાર

"મનને જીતનાર જ સાચો વિજેતા છે; દુનિયાને જીતનાર નહીં."

ભગવાન સુધી પહોંચવાનો સૌથી સરળ માર્ગ છે - નિ:સ્વાર્થ પ્રેમ અને નિષ્કામ સેવા.

જે પોતાના અંતરમાં ભગવાનને અનુભવે છે, તેને બહાર સુખ શોધવાની જરૂર પડતી નથી

પ્રાર્થના શબ્દોથી નહીં, પરંતુ શુદ્ધ હૃદયથી થાય છે.